# પંદરમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**બીજું સત્ર**

**બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩**

**સવારના ૯-૦૦ વાગ્યે**

૧. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી

(૨) માનનીય આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (વિનેન્દ્રસિંહ ઝાલા અને રમણલાલ પાટકર)માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:-

તાજેતરમાં રાજ્યમાં પડેલ કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ વ્યાપક નુકસાનથી ખેડૂત આલમમાં વ્યાપેલ નિરાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પંકજભાઈ દેસાઈ (ઉદય કાનગડ અને પાયલ કુકરાની)માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરશે:-

તાજેતરમાં રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે પોલીસની ટુકડીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા સાથે સરપ્રાઈઝ ચેકીંગ કરતા કેટલીક પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતાં, આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમો સામે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

૪. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (ગુજરાતી અને અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના વિનિયોગ હિસાબો (ગુજરાતી અને અંગ્રેજી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

(ઘ) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો સમુદ્રતટીય પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરી પરનો ઓડીટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**......માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

...૨...

(૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો વર્ષ ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડીટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૩) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

**.....માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૪) ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ

**.....સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૫) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડીટ અહેવાલ

**.....શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૬) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેનાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનાં,

(૧) તા. ૨૧/૦૮/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૨૦૨૧/૧૬/સીપીએ/ ૧૦૨૦૨૦/૪૫૫૮૬૯/ડી

(૨) તા. ૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૨૦૨૨/૦૩/સીપીએ/ ૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી

(૩) તા. ૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૨૦૨૨/૦૪/સીપીએ/ ૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી

(૪) તા. ૧૪/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૨૦૨૨/૦૭/સીપીએ/ ૧૦૨૦૨૧/૧૭૨૬૭૦/ડી

(૫) તા. ૨૧/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક : જીટીએચ/૨૦૨૨/૦૮/સીપીએ/ ૧૦૨૦૨૧/૧૪૬૧૪૮/ડી

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**.....માનનીય ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

**૫. સરકારી વિધેયકો**

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.....માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા**

## ૬. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

**માનનીય સભ્યશ્રી ભગવાનજીભાઈ કરગટીયાનો પ્રસ્તાવ**

**૬૦ મિનિટ**

"જળ એ જ જીવન છે" તે આપણે જાણીએ છીએ, અન્ય રાજ્યોની સરખામણીએ આપણા રાજ્યમાં વરસાદ ઓછો અને અનિયમિત પણ છે. રાજયના સબંધિત વિભાગો દ્વારા જળસંચયની કામગીરી અંતર્ગત વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ચોમાસા પહેલાં રાજ્યમાં જળ સંગ્રહનો વ્યાપ વધે તે મુજબના કામો લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ સુફલામ જળ અભિયાન" હાથ ધરવામાં આવેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ મુખ્યત્વે જળસંગ્રહના કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમો, જળાશયોનું ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ તથા મરામત, નદી, વોંકળા, કાંસ, ગટરની સાફસફાઈ, નદીને પુનઃ જીવિત કરવી વગેરે જેવા પરંપરાગત જળ સ્ત્રોતોના નવિનીકરણના કામો તથા નવા તળાવો–ચેકડેમો બનાવવા, વન તલાવડી, ખેત તલાવડી, માટીપાળા, ગેબીયન, કન્ટુર ટ્રેન્ચ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, પીવાના પાણીનો સ્ત્રોત, ટાંકીઓ, સંપ, ઈન્ટેક સ્ટ્રકચર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ/સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરેની તથા તેની આસપાસની સફાઈ, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ કાર્યક્રમો વગેરે જેવા કામો હાથ પર લેવામાં આવે છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં મોટા પ્રમાણમાં જળસંગ્રહ થયેલ છે અને ધરતીના ભૂગર્ભ જળ પણ ઊંચા આવેલ છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળની કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાયેલ છે અને પ્રશંસા થયેલ છે. વર્ષ ૨૦૨૦ તથા ૨૦૨૧ દરમિયાન કોરોનાની વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ વચ્ચે પણ આ અભિયાન અંતર્ગત નોંધપાત્ર કામગીરી થયેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" ના ફળસ્વરૂપ જળસંચયનો વ્યાપ જોતાં આ અભિયાન અંતર્ગત ૨૦૨૩ના વર્ષની તા.૧૭–૦૨–૨૦૨૩થી જળસંચયના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ઉપલબ્ધ પાણીનો કરકસરયુક્ત અને ઉચિત ઉપયોગ કરવા માટે જળ સંચય અભિયાનને વધુ સક્રિય તથા સફળ બનાવવા માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**